Azadi Ka
Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૧૧૨૭૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૪/૦૭/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- આ સાથે સામેલ પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક: ૫/માધ્ય/પરચ/૨૦૨૩/૯૯૯૧-૯૦૨૧

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૭/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : બારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા બાબત.
સંદર્ભ : અધ્યક્ષશ્રી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટની તા.૨૧/૬/૨૦૨૩ ની રજૂઆત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય અને રાષ્ટ્રીય ભાવના જાગે તેવા ઉમદા હેતુથી પ્રતિવર્ષ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતીના ભાગરૂપે રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે.

જે અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેની નિયમાવલિ અને અંદાજિત સમયપત્રક આ સાથે સામેલ રાખેલ છે. ઉક્ત વિગત અન્વયે આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ સ્પર્ધા યોજાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત થાય તે માટે આપની કક્ષાએથી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ કરવા/જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના
અધ્યક્ષશ્રી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

2480404
rajkot@gmail.com
www.rkmrajkot.org

Shri Ramakrishna Ashrama
Dr. Yagnik Road, Rajkot - 360 001.
Phones : 2465200, 2463000

તા.૨૧/૬/૨૦૨૩

પ્રતિ,
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
બ્લોક નં. ૯/૧,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર -૧૦, ગાંધીનગર

23 JUN 2023
11850

**વિષય : બારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વીઝ સ્પર્ધા અંગે.**

માનનીયશ્રી,

સાદર ઉપરોક્ત વિષયે જણાવવાનું કે દર વર્ષની જેમ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી રાજ્ય સ્તરીય બારમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધા યોજવાનો ઉમદા હેતુ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય, રાષ્ટ્રીય ભાવના જાગે અને સારા નાગરિકોનું ઘડતર થાય તે છે.

તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ ક્વીઝ સ્પર્ધા યોજવા માટે આચાર્યોને પ્રેરિત કરવા તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ ખાસ પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આપશ્રી દ્વારા અનુરોધ કરવા નમ્ર વિનંતી છે. આ સાથે ગત વર્ષના પરિપત્રની નકલ ત્વરિત સંદર્ભ માટે સંલગ્ન છે.

ભવદીય,

સ્વામી નિખિલેશ્વરાનંદ
(સ્વામી નિખિલેશ્વરાનંદ)
અધ્યક્ષ
શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ